# પ્રેરણા

પ્રાચીન સમયની આ વાત છે. એક ભલો અને ન્યાયપ્રિય રાજા એકવાર સભા ભરીને બેઠો હતો. એવે સમયે એક યુવાન સ્ત્રી જોરજોરથી આક્રંદ કરતી સભામાં આવી અને કહેવા લાગી, ''મહારાજ, ન્યાય કરો.....ન્યાય કરો ! મારા પતિને મારી નાખનારને....મારી જિંદગીનાં બધાં સપનાં રોળી નાખનારને મોતની સજા કરો....!'' આખી સભા સ્તબ્ધ થઈ ગઈ અને સ્ત્રીના પતિને મારી નાખનાર પર ફિટકાર વરસાવવા લાગી. રાજાએ શાંતિથી કહ્યું, ''ન્યાય તો જરૂર થશે અને ગુનેગારને સજા પણ થશે. પણ પહેલાં મને જે કંઈ બન્યું તેની વિગતે વાત કર.''

સ્ત્રીએ સ્વસ્થ થતાં જણાવ્યું : ''હું અને મારો પતિ બાજુના ગામે જવા નીકળ્યાં હતાં. ચાલતાં ચાલતાં તેઓ થોડા આગળ નીકળી ગયા અને તેથી એક મોટા ઝાડ નીચે છાંયડામાં મારી રાહ જોતાં ઊભા હતા. ત્યાં એ ઝાડ પર આપનો માળી ફળ તોડી રહ્યો હતો. તેનો પગ લપસ્યો અને તે મારા પતિ પર પડયો. મારા પતિનું તત્કાળ મૃત્યું થયું. મહારાજ, આ માળીને ફાંસીની સજા કરો. તેનાથી ઓછું કશું જ નહીં.''

રાજાને ખ્યાલ આવ્યો કે આ એક અકસ્માત જ છે. પરંતુ આ સ્ત્રી માટે તો ઘણા દુઃખની વાત કહેવાય. તેણે સમજાવટના સ્વરમાં કહ્યું, ''જો બહેન, તારા પર જે દુઃખ પડયું છે તે ખરેખર કેમેય મટે તેમ નથી. તારા માટે અમને સહુને ખૂબ જ સહાનુભૂતિ છે. તારી આર્થિક તકલીફ દૂર કરવા તને સારી એવી રકમ મળે તેવી હું વ્યવસ્થા કરું છું.'' ''ના મહારાજ, મારે પૈસા નથી જોઈતા. હું તો મારા પતિના આત્માને શાંતિ મળે તેવું ઈચ્છું છું. અને તે આ માળીના મોતથી જ મળશે.'' સભામાં સહુને અચરજ થયું. સ્ત્રીના બદલાના ઈરાદાને સહુ પામી ગયા. રાજાએ સમજાવવાના ઈરાદાથી તે માળીને બોલાવવાનો આદેશ આપ્યો. થોડીવારમાં લંગડાતા પગે પાટો બાંધેલો માળી આવીને હાથ જોડીને ઊભો રહ્યો. તેના પગનું હાડકું ભાંગી ગયું હતું. તેના હાથ પર પણ બેત્રણ ઘા પડયા હતા. રાજાએ કહ્યું, 'જો બહેન, આ કામ તેણે જાણી જોઈને તો કર્યું નથી. અકસ્માતે બનેલા આ બનાવમાં તે પણ ઘવાયો છે. તેને મોતની સજા કરીશ તેનાથી તારો પતિ તો પાછો નહીં આવે ને ! તને હું જીવનભર ચાલે તેટલું ધન આપવા તૈયાર છું.' પણ આ સ્ત્રીએ તો તેનો નનૈયો ચાલુ જ રાખ્યો અને રાજાને સંભળાવ્યું, ''મહારાજ, ન્યાય કરતી વખતે સગા ભાઈની પણ શરમ ન રાખવી જોઈએ અને આપ તો આપના

નોકરની તરફદારી કરી રહ્યા છો ! હું તો ન્યાયની મોટી આશા લઈને આપની પાસે આવી હતી પણ આપ તો....!!'' રાજા હવે આ સ્ત્રીના અસલી રંગને પારખી ગયા અને બોલ્યા, ''મને એમ હતું કે તારી આવી અવસ્થામાં તારે કોઈની ગુલામી ન કરવી પડે તે રીતે ન્યાય કરું. પણ મને લાગે છે કે હવે તું કહે છે તે જ રીતે ન્યાય થવો જોઈએ.'' સ્ત્રી આનંદમાં આવી ગઈ. તે બોલી, ''બરાબર છે મહારાજ, તેને ફાંસી પર લટકાવશો ત્યારે જ મારા પતિના આત્માને શાંતિ થશે.''

''ના, ના, આપણે તેને ફાંસી પર નથી લટકાવવો.''

''ત્યારે ? '' સ્ત્રીએ નવાઈ પામી પૂછ્યું.

''આપણે તો બરાબર ન્યાય કરવાનો છે. જે રીતે તેણે તારા પતિને માર્યો. આપણે તે જ રીતે તેને મારીએ.'' રાજાએ કહ્યું.

સ્ત્રી નવાઈ પામીને બોલી, ''હું કંઈ સમજી નહીં, મહારાજ.''

''આપણે સહુ તે ઝાડ નીચે જઈએ. પછી જ્યાં તારો પતિ ઊભો હતો ત્યાં જ આ માળીને ઊભો રાખીશું. પછી જે રીતે એ તારા પતિ પર પડયો એ જ રીતે તારે ઝાડ પરથી એના પર પડવાનું. તારું આટલું ભારેખમ શરીર આ બિચારા દુબળા પાતળા માળી પર પડશે એટલે ત્યાં ને ત્યાં જ તેના રામ રમી જશે. ચાલો ચાલો....! સહુ ત્યાં જવાની તૈયારી કરો. મારો રથ લાવો.''



સ્ત્રીને હવે પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. કારણકે એમ કરવામાં તો પોતાને જ નુકસાન થાય તેમ હતું. તે બોલી મહારાજ, ''મને થાય છે કે આપણે માળીને માફ કરી દઈએ. તમે મને વળતર આપી દો તેટલું પૂરતું છે.'' ''અરે, ના, જરાપણ નહીં. વળતર ફળતરની હવે વાત ન કરીશ. આપણે તો ન્યાય કરવાનો છે, એમાં કંઈ જ બાકી નથી રાખવું.'' રાજાએ કડક સ્વરે કહ્યું.

સ્ત્રીને હવે બરાબર પસ્તાવો થયો. તેને પોતાની જીદમાં પોતાને જ થનાર નુકસાનનો અહેસાસ થયો. તે દોડીને રાજાના પગમાં પડી અને બોલી, ''મહારાજ, મને માફ કરો, હું બદલાની આગમાં આંધળી બની ગઈ હતી. આપ, ખરેખર ન્યાયી અને પ્રજા વત્સલ છો ! મેં આપને ગુસ્સામાં ગમે તેવા વેણ કહ્યા તેનો બહુ પસ્તાવો થાય છે. મને માફ કરો મહારાજ......મને માફ કરો.!''

રાજાએ હસતાં હસતાં કહ્યું, ''બહેન, તને નિરાધાર અવસ્થામાં મૂકવાનો મારો ક્યારેય ઈરાદો ન હતો. પણ તને સમજાવવા માટે આમ કરવું પડયું. હવે તું ખુશીથી ઘરે જા. તને તારી વળતરની રકમ મોકલી આપું છું. અને વળી દર મહિને તને ખાધાખોરાકી પણ મળતી રહેશે.''

■